# નંદિની ત્રિવેદીનું મિલે સૂર, ગીત ગુર્જરી અને ગૌરવ ગુર્જરી ગુજરાતને નવલું નજરાણું

**બકુલા ઘાસવાલા**

ગુજરાત પાસે ગૌરવભેર પ્રસ્તુત કરી શકાય તેટલા ગીત-સંગીતનો ખજાનો છે. ગુજરાતી ગાયક, વાદક, સંગીતકાર, કવિ, સર્જક, ભાવક એની સંસ્કૃતિનું સંવર્ધન કરે એટલો ખમતીધર છે. ગુજરાતી પત્રકાર સાહિત્યિક, સંગીત કેન્દ્રિત, સાંસ્કૃતિક ઈતિહાસને ધ્યાનમાં રાખી, સર્જકથી ભાવકને સ્પર્શતા વિવિધ પાસાને વણી લઈ સમૃદ્ધ માહિતીનો ખજાનો ત્રણ ત્રણ પુસ્તકમાં સંકલિત કરી લઈ આવે અને સાથે વિવિધ રચનાઓનો આસ્વાદ હોય. કવિ, સંગીતકારો, ગાયકોની મુલાકાતો સહિત એમના સંભારણાંઓ અને એમની શ્રેષ્ઠ કૃતિઓની યાદી અને ઝાંખીની પ્રસ્તુતિ હોય એને કઈ રીતે બિરદાવવું એ પણ મૂંઝવણ છે. નંદિની ત્રિવેદીના આ અદ્ભુત અને મહેનતકશ કાર્યથી હું થોડી અજાણ રહી એનો થોડો રંજ છે છતાં ત્રણેત્રણ પુસ્તકોમાંથી સઘનતાથી પસાર થતાં જે આનંદ અને ગૌરવની લાગણી પણ અનુભવી જ છે. 'મિલે સૂર' વિશે તો જાણકારી હતી. વિવિધ રાગો પર આધારિત ફિલ્મી ગીતોનો પરિચય, એનો મિજાજ અને છટાનું રંગદર્શી બયાન એમાં વણી લેવાયું છે. ત્રીજી આવૃત્તિમાં કુલ આઠસો ત્રેવીસ જેટલા ગીતોની યાદી એના રાગ, ફિલ્મી-ગેરફિલ્મી ઉલ્લેખ, સંગીતકાર, ગાયક, સર્જક, કવિના નામો સાથે અહીં રસાસ્વાદની છાંટ સાથે સમાવી છે. સંગીતના જન્મની વેદકાલીનથી આજપર્યંતની ગતિવિધિનો રોચક સંક્ષિપ્ત છતાં જરૂરી ઈતિહાસ પણ સમાવિષ્ટ છે.

ગુજરાતી શાસ્ત્રીય, સુગમ, ફિલ્મ અને નાટકોના પ્રાચીન- અર્વાચીન, આધુનિક પ્રવાહોની ઝાંખીની સરળ, સમજી શકાય તેવી શૈલીમાં લાઘવભરી છતાં રસાળ ભાષામાં અહીં અભિવ્યક્તિ થઈ છે. મિલે સૂરની ત્રીજી આવૃત્તિનું કવરપેજ એની રંગછટા, ચિત્ર અને ગુણવંત શાહની સંક્ષિપ્ત મીમાંસા સાથે ધ્યાનાકર્ષક બને છે. કોઈ કોઈ પ્રકરણના અંતે વિવિધ તજજ્ઞની જે તે રાગ સંબંધિત અનુભૂતિ કે મંતવ્ય નોંધનીય બની રહે છે. અહીં એક ઉદાહરણ પૂરતું છે. રાગ તિલકકામોદના પરિચયનું શીર્ષક ગીત છે, 'હમને તુઝકો પ્યાર કિયા હૈ જિતના, કોન કરેગા ઈતના.' આ ગીતના ગાયક મુકેશના અંદાઝ- મિજાજનું બારીકાઈથી વર્ણન કરતાં લેખિકા આપણને રાગ પર બખૂબી લઈ જઈ કેટલીક માહિતી પણ આપી દે છે. જેમ કે અભિવ્યકિતમાં ઘૂંટાયેલી ગાયકે દર્શાવેલી પ્રેમની તીવ્રતા, એમના ધીરગંભીર અને મધુર અવાજે ઝીલી છે તેની સાથે ગીત ખમાજથાટના રાગ તિલકકામોદ પર આધારિત છે, જે બે રાગોનું મિશ્રણ છે. કામોદનું અંગ રેપ છે અને શેષ અંગ રાગ તિલકનું છે. આ રાગની પ્રકૃતિ ચંચલ અને એની ગાયકીમાં ઠૂમરી અને છોટા ખયાલ વિશેષ હોય છે. અન્ય ગાયકો અને ફિલ્મોનો ઉલ્લેખ, કયારેક ગાયકના તો કયારેક સંગીતકાર કે નિર્દેશકના તો કયારેક નાયક-નાયિકાના અનુભવના પ્રસંગો પણ અહીં વર્ણવાય છે. પોતાને ગમતા રાગ



**'મિલે સૂર' પુસ્તકનું વિમોચન કરી રહેલાં કલાકારો ડૉ. પ્રભા અત્રે અને બેગમ પરવીન સુલતાના, વચ્ચે લેખિકા નંદિની ત્રિવેદી અને ગીત ગુર્જરી- ગૌરવ ગુર્જરી પુસ્તકોનું વિમોચન કરી રહેલાં સંગીતકાર અજિત મર્ચન્ટ.**

તેની અસર વિશે પણ લખ્યું છે. બાગેશ્રી- રાગેશ્રી વિશે ગાયક સ્વરકાર આશિત દેસાઈ જે કહે છે તેનું ઉદાહરણ કંઈક આમ છે. ''બાગેશ્રી- રાગેશ્રી બંને મારા ગમતા રાગો છે. બાગેશ્રીમાં આધ્યાત્મિક સ્પર્શ છે, રોમેન્ટિસીઝમ છે અને માર્દવતા છે. રાગ બાગેશ્રીમાં રમેશ પારેખની એક રચના મેં સ્વરબદ્ધ કરી છે. 'હાથને ચીરો તો ગંગા નીકળે'.... મારી ગમતી રચનાઓમાંની આ એક રચના બાગેશ્રીનું સુંદર સર્જન છે.'' આ પુસ્તક સરસ આસ્વાદક છે જ, ઉપરાંત શ્રેષ્ઠ સંદર્ભ પણ પૂરો પાડનાર બને છે. હરીશ રઘુવંશી, નરેશ કાપડીઆ અહીં આપોઆપ યાદ આવે જ. વિવિધ રાગોનું અહીં સંબંધિત વર્ણન ડૉ. પ્રફુલ્લ દેસાઈનું પણ સ્મરણ કરાવે. 'મિલે સૂર'માં હિન્દી-ગુજરાતી ગીતો-ગાયનોની વાત છે.

**કર્ટનકોલ**
**ચંદ્રકાંત પુરોહિત- સરોજ પાઠક**

જયારે 'ગીત ગુર્જરી' અને 'ગૌરવ ગુર્જરી' આકંઠ ગુજરાતના ભવ્ય સંગીતમય વારસા અને એના સંવર્ધકોના યોગદાનને ઉજાગર કરે છે. 'ગીત ગુર્જરી' લોકગીતો, હવેલી સંગીત, ભકિત ગીતો, યાદગાર ગુજરાતી ગીતો, કાવ્યો, ગઝલ, જૂની રંગભૂમિના ગીતો, ગુજરાતી ફિલ્મી ગીતો અને સુગમ સંગીતની રસલહાણ કરાવે છે. ગીત ગુર્જરી સાથે જ ગઝલ ગુર્જરી પણ છે. પિન્કી દલાલ પ્રસ્તાવનામાં આ પુસ્તકોને 'ઘીના દીવાની ઉજાસ' કહે છે.

હજાર વર્ષનો ઈતિહાસ ધરાવતા ગુજરાતી ગીતોનો પરિચય કરાવતા લેખિકા નરસિંહ મહેતાથી હેમચન્દ્રાચાર્યના સમયને યાદ કરી લઈ આજના યુવા સર્જક અને ગાયકોના પ્રદાનની ઝાંખી કરાવે છે. દરેક પ્રકરણને અંતે એક કૃતિનો કર્તા, ગાયક, સંગીતકાર અને રાગ સાથે ઉલ્લેખ હોય જ. દરેક કૃતિમાં ભાવ, કર્તાનો મિજાજ, એનો કસબ કઈ રીતે પ્રગટે છે એની મનભાવન રજૂઆત લેખિકાના જ્ઞાન, એણે કરેલી મહેનત અને એની ભાવુકતાનું સુપેરે દર્શન કરાવે છે. લેખિકાએ કૃષ્ણ-રાધા, ખાસ કરી મીરાંની ભકિત, કૃષ્ણ ગીતોને એના હાર્દ અને વિવિધ રચયિતાઓની નિસબત સાથે અહીં ઉજાગર કર્યા છે. નવલી નવરાત્રિની વાતોને વણી લીધી છે. શૈવભકિતની રચનાનો ઉલ્લેખ કર્યો છે ત્યારે મને સહજ રીતે જ ગણેશ ગીતો અને નયનામૃતના ગણેશિયા- ભકિતગીતોની સીડી અને અનિતા-તન્વીની ગાયકી યાદ આવી ગઈ. જો કે નંદિનીના પુસ્તકો ૨૦૦૬માં પ્રગટ થયાં અને તે પછી નયનાબેનની ગણેશકથા અને ગીતોની શરૂઆત થઈ. ગીત ગુર્જરી 'ગળથૂથીથી ગંગાજળ' એટલે કે પારણાંથી પાલખી જન્મથી મૃત્યુ સુધીના પ્રસંગો ઘટનાઓની ગૂંથણી કરતા વિવિધ ભાવગીતોનું દર્શન આવરી લે છે.

સુગમ સંગીતની સઘન છણાવટ સાથે તેની વ્યાખ્યા, રજૂઆત, સંગીત જલસા, મુશાયરાઓની યાદગાર વાતો અને સંબંધિતોના ભાવપ્રદેશને પણ તાદૃશ કરે છે. બેગમ અખ્તરે એમના જલસા- મહેફિલમાં છેલ્લે મરીઝની રચના ગાયેલી, 'જિંદગીના રસને પીવામાં કરો જલ્દી 'મરીઝ', એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે.' પછી એમને હાર્ટએટેક આવ્યો, અને રજૂઆત સ્તબ્ધ કરે છે. પુરુષોત્તમભાઈએ યાદગાર ક્ષણો વાગોળે છે, ત્યારે વાતાવરણમાં સન્નાટો છવાઈ જાય છે. આવી ઘટનાઓ પણ આ પુસ્તકોમાં ગૂંથાયેલી છે.

'ગૌરવ ગુર્જરી' ગુજરાતના સુપ્રસિધ્ધ કલાકારો, ગાયકો અને સ્વરકારોની સચિત્ર દાસ્તાન અને મુલાકાત લઈ પ્રસ્તુત થયું છે. સુગમ સંગીતના દિગ્ગજો અવિનાશ વ્યાસ, નિનુ ભાઈ, કૌમુદીબેન, ઉદય મઝુમદાર, રાજુલબેન, દિલીપ ધોળકિયા, રાસબિહારી દેસાઈ, દક્ષેશ ધ્રુવ, ક્ષેમુ દિવેટિયા, આશિતભાઈ. આલાપ- હેમાબેન, શ્યામલ- સૌમિલ, સોલી કાપડિયા, મોહન બલસારા, રજત, બંસરી યોગેન્દ્ર, પુરુષોત્તમ ઉપાધ્યાય, અજિતભાઈ શેઠ, હરેશ બક્ષી, જયદેવ ભોજક, સુરેશ જોષી, મનહર ઉધાસ, પાર્થિવ ગોહિલ, હંસા દવે, અમર ભટ્ટ, અજિત મર્ચન્ટ, નયન પંચોલી, વિનાયક વોરા, દેવાંગ પટેલ, નિશા કાપડિયા, ફાલ્ગુની પાઠક, ઐશ્વર્યા- માનસી સહિત કલાકારોને આવરી લે છે.

આ બધાં કલાકારોની મુલાકાત, એમના સંઘર્ષસિદ્ધિ, મહેનત, નિસ્બત, એમના વિવિધ અનુભવો, ગુજરાતી ભાષા સંગીતના અસ્તિત્વ વિશેના એમના મંતવ્યોની નિખાલસ, પારદર્શક ઝાંખી કરાવે છે. આ પુસ્તકની પ્રત્યેક મુલાકાતનું

**(સાંધણ પાના ૬ ઉપર)**



# માનવમનનો આયનો: સિક્કિમનાં લોકનૃત્યો

**પ્રવાસી પારાવારના**
**ડૉ. ભારતી રાણે**
**ડૉ. રાજીવ રાણે**

ઉત્તર-પૂર્વના આઠમા અને ભારતનાં ૨૨મા રાજ્ય સિક્કિમથી આટલાં દિવસોમાં ઠીકઠીક પરિચિત થઈ જવાયું હતું, અને હવે ગણતરીનાં દિવસોમાં પાછાં ફરવાનું હતું. ગેંગટોક શહેર આમ તો અનેક વાર જવાનું થયું, પરંતુ હવે એમાં નિરાંતે ફરવાનું હતું. એ આખો દિવસ અમે શહેર માટે ફાળવેલો હતો.

ગેંગટોકની મુખ્ય બજારનું નામ મહાત્મા ગાંધી માર્કેટ છે. અહીં વાહનો પ્રતિબંધિત છે. આખો રસ્તે ફર્શજડિત છે. વચ્ચે ડિવાઈડરની જગ્યાએ ફૂલક્યારીઓ છે. વળી આ ફૂલકયારીઓ વચ્ચે ફૂલોની બાસ્કેટ જેવા કૂંડાં ટીંગાડેલાં છે. ફૂલે સર્જેલા ડિવાઈડરની કોરે થોડે થોડે અંતરે બાંકડા મુકેલા છે. સ્વચ્છતા ઊડીને આંખે વળગે તેવી. પ્લાસ્ટિકની કોથળીઓ પર અહીં સખત પ્રતિબંધ છે. લાંબા સીધા આ રસ્તાની કોરે દુકાનો છે. અહીં ભાતભાતની વસ્તુઓ વેંચાય છે. હવે ગ્લોબલાઈઝેશનની અસર અહીં પણ વરતાય છે. બ્રાન્ડેડ વસ્તુઓની ભરમાર વચ્ચે લોકકલાના નમૂનાઓ તથા અહીંની પરંપરાગત ડિઝાઈન ચીતરેલાં એવાં આકર્ષક રંગોમાં મળતાં કાચનાં વાસણો ગમી ગયાં. દરરોજ સાંજે આ સ્થળની રોનક માણવા જેવી હોય છે. પ્રવાસીઓ વહેલી સવારે આસપાસનાં સ્થળો જોવા નીકળી પડે, અને સુધી તંથી ખસવાનું મન ન થાય, તથા ફોટા પાડતાં મન ધરાય જ નહીં, તેવાં ફૂલોનો મેળો અવર્ણનીય હતો. આ પહેલાં બેંગલોરના લાલબાગમાં ફલાવર શો જોયો હતો, પરંતુ અહીં પ્રદર્શિત કરાયેલ ફૂલોની નજાકત, એમનું વૈવિધ્ય તથા એમનો રંગવૈભવ અનન્ય હતો. ગેંગટોક શહેરની મુલાકાતનો આ સૌથી મધુર મુકામ.

એ સાંજે રિસોર્ટ પર એક અણધાર્યું સદ્ભાગ્ય અમારી રાહ જોઈ રહ્યું હતું. રિસોર્ટમાં રહેનાર હરેક મહેમાન સિક્કિમની સંસ્કૃતિથી તથા સ્થાનિક વ્યંજનોથી પરિચિત થાય, તેવો ત્યાંના કર્મચારીગણનો પ્રયત્ન રહેતો. રોજના મેન્યૂમાં એક-બે સ્થાનિક વાનગીઓ હોય જ. પેલાં બાફેલી કચોરી જેવાં મોમો માટે તો એક દિવસ લાઈવ કાઉન્ટર મૂકેલું. તમારી સામે મોમો બનાવી આપે, ને તમારે એને બનાવવામાં જોડાવું હોય, તોય છૂટ! આજની સાંજનું આયોજન તો ઓથીય વધારે રસપ્રદ હતું. રિસોર્ટના સ્ટાફમાંથી બે છોકરાઓ તથા બે છોકરીઓ પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈને લોકનૃત્યો બતાવવાનાં હતાં. ડફલી નૃત્યને લાવણી નૃત્ય તો વળી વસંતના વધામણાં કરતું નૃત્ય - અનેક પ્રકારનાં નૃત્યો તેમણે અમને કરી બતાવ્યાં. અમે દરેકનો અર્થ સમજાવવા વિનંતિ કરી, ત્યારે જાણવા મળ્યું કે, અહીં વસતી ત્રણેય મુખ્ય પ્રજાતિઓ- નેપાળી, ભૂટિયા તથા લેપચાઓને પોતપોતાનાં

**સિક્કિમની શાન ગણાતા આ સ્થળ પર બારમાસી ફૂલોનું તાજ્જુબ થઇ જવાય તેટલાં રૂપાળાં ઑર્કિડનાં ફુલોનું તથા ઉનાળે સિઝનલ ફલાવર્સનું પ્રદર્શન જોવા મળે છે. અહીં અનુપમ ફુલોના ફલાવર શૉ યોજાતા રહે છે.**



ત્યાંથી નમતા પહોરે પાછાં ફરતાં લગભગ બધાં જ પ્રવાસીઓ અહીં એમ. જી. માર્કેટમાં ઊતરી આવે. સાંજના સમયે તો દુકાનો, રેસ્ટોરાં, રસ્તા પરના બાંકડા, બધું જ ધબકતું લાગે. સ્વચ્છતા, શાંતિ અને છતાંય લોકમેળો! પાછલી બપોરથી અંધારાં ઊતરે ત્યાં સુધી આ સ્થળની ચહલપહલ અનેરી હોય છે. અહીં ફરતાં સ્પેઈનનું રામલાઝ યાદ આવી ગયું. ત્યાં રાત્રે હોય, તેવો માહૌલ અહીં બપોરેને સાંજે જોવા મળે છે.

માર્કેટની ઉપર ઢાળ પડી જાવ એટલે સરકારી મકાનોનો વિસ્તાર શરૂ થઈ જાય. પંદરેક મિનિટ આમ જ ચાલ્યાં હોઈશું, ત્યાં એક નાની પટ્ટી જેવો પણ એકદમ સુંદર બગીચો હતો. એનું નામ રીજ ગાર્ડન હતું. તિબેટીયન બાંધણીના મંડપથી બાગ શોભતો હતો. એમાં એક ફુવારો તથા શ્રી જવાહરલાલ નહેરૂનું પૂતળું પણ હતું. આ બાગથી જરાક નીચે ઊતરતાં જ વ્હાઈટ હોલને નામે ઓળખાતું ફૂલોનું પ્રદર્શન કેન્દ્ર હતું. સિક્કિમની શાન ગણાતા આ સ્થળ પર બારમાસી ફૂલોનું તાજ્જુબ થઈ જવાય તેટલાં રૂપાળાં ઑર્કિડનાં ફૂલોનું તથા ઉનાળે સિઝનલ ફલાવર્સનું પ્રદર્શન જોવા મળે છે. અહીં અનુપમ ફુલોના ફલાવર શૉ યોજાતા રહે છે. અમે ગયાં ત્યારે પણ આવો જ એક ફલાવર શો પ્રદર્શિત કરાયેલો હતો. કલાકો મૂળ વતનની સંસ્કૃતિ પર આધારિત પરંપરાગત લોકનૃત્યો છે. તે ઉપરાંત બૌદ્ધ ધર્મ પોતાનાં ભકિતનૃત્યો છે. વળી ત્રીજો સૌનો સહિયારો તથા સૌને પ્રિય એવો નૃત્ય પ્રકાર તે અહીંના રમણીય વાતાવરણ તથા અપ્રતિમ નૈસર્ગિક સૌંદર્યથી પ્રેરિત નૃત્યોનો છે. સૂર્ય ઊગે ને ઊઘડી આવતા કુદરતના સૌંદર્યને જોઈને નાચી ઊઠતું મન અને પવનના તાલે થરકી ઊઠતી પાનીઓનું નૃત્ય: કે પછી લહેલહાતી ફસલને જોઈને નાચી ઊઠતું મન અને પવનના તાલે થરકી ઊઠતી પાનીઓનું નૃત્ય; કે પછી લહેલહાતી ફસલને જોઈને ઝૂમી ઊઠતાં ખેડૂના મનના ભાવોને વ્યકત કરતું નૃત્ય. વળી કયારેક સુખ સમૃદ્ધિ તથા સદ્ભાગ્યની કામના કરવા આરાધના રૂપે કરાતું નૃત્ય. અહીંનું એક ખાસ પ્રકારનું નૃત્ય ધ્યાનાકર્ષક લાગ્યું: તે હતું યાકચામ અર્થાત્ યાકનૃત્ય! અહીંની પ્રજાને મન યાક માત્ર એક પશુ નથી, એ તો એમના જીવનનો અવિભાજ્ય અંશ છે. એમનાં જીવન પર યાકનો ઘેરો પ્રભાવ છે. કહો કે, આટલી ઊંચાઈ પર જીવન ટકાવી રાખવા માટે યાકનો સંગાથ અનિવાર્ય છે. યાકની આ સેવાઓની કદર કરવા, યાક પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવા માટે યાકનું મહોરું પહેરીને આ નૃત્ય કરવામાં આવે છે! નૌમતી બીજા નામે નવ

**(સાંધણ પાના ૬ ઉપર)**



# સંજય-રિતિકની 'અગ્નિપથ' સફળતાના પથ પર છે?



**ફિલ્મોગ્રાફ**
**રાકેશ ઠક્કર**

શું 'અગ્નિપથ' ૨૬મી જાન્યુઆરીને બદલે ૨૭મીએ શુક્રવારે રજૂ થઈ હોત તો સારું ઓપનિંગ મેળવી શકી ન હોત? આ પ્રશ્ન એટલા માટે થયો છે કે પ્રજાસત્તાક પર્વની રજાને દિવસે રજૂ થયેલ 'અગ્નિપથ'ને વિક્રમસર્જક ૨૩ કરોડ રૂપિયાનું ઓપનિંગ મળ્યું હતું. જ્યારે બીજા દિવસે માત્ર ૧૨ કરોડ રૂપિયાની કમાણી થઈ હતી. પહેલા દિવસે જોરદાર આવકાર મળ્યો હોવાથી બીજા દિવસે વધુ આશા હતી. કેટલાકે બીજા દિવસના ઓછા કલેકશનને ફિલ્મ માટે ખતરાની ઘંટી સમાન ગણાવ્યું છે. કરણ જોહરની 'અગ્નિપથ'ને વિવેચકોની વાહવાહી મળી હતી અને પહેલા જ દિવસે સારો આવકાર મળતાં ફિલ્મને સફળ ગણવામાં આવી રહી હતી. ત્યારે બીજા દિવસે કલેકશન અડધું થઈ જતાં તે મોટી હિટ થવા બાબતે પ્રશ્નાર્થ સર્જાયો છે. કેમકે ફિલ્મની કેટલીક સારી બાબતો સામે નબળાઈઓ પણ છે. જેને પહેલા દિવસની સારી કમાણીની જાજમ નીચે છુપાવવાનો પ્રયાસ થયો છે. જે રીતે પહેલા દિવસે અપેક્ષાથી વધુ આવક થઈ એ જ રીતે બીજા દિવસે અપેક્ષાથી વધુ ઘટાડો થયો. અગાઉ ખાન હીરોની ફિલ્મોને આટલું ઓપનિંગ નસીબ થયું નથી. સલમાનની 'બોડીગાર્ડ'નો એક દિવસનો ૨૧.૫ કરોડની કમાણીનો વિક્રમ તૂટી ગયો છે. પરંતુ સલમાનની ફિલ્મે સતત કમાણી કરી હતી. 'અગ્નિપથ' તેમાં ખરી ઉતરે છે કે નહિ તે પણ જોવાનું રહેશે. 'અગ્નિપથ'ની તરફેણમાં ઘણા સંજોગો છે. છેલ્લા એક માસથી દર્શકો નવી ફિલ્મ જોવા ઉત્સુક હતા. ફિલ્મનો પ્રચાર એટલો જબરદસ્ત હતો કે દર્શકોની આતુરતા વધી ગઈ હતી. દર્શકોને આ ફિલ્મ નિરાશ કરતી નથી એ હકીકત છે. લગભગ ૩ કલાક લાંબી આ ફિલ્મમાં એવું ઘણું છે જે દર્શકોના પૈસા વસૂલ કરે છે. પહેલી વાત એ છે કે ૨૨ વર્ષ પહેલાં 'અગ્નિપથ'ને અપેક્ષિત સફળતા મળી ન હતી. ત્યારે યશ જોહર નિષ્ફળતાથી ભાંગી પડ્યા હતા. એજ ફિલ્મને પુત્ર કરણ જોહરે બનાવવાનું બીડું ઝડપીને મોટું સાહસ કર્યું હતું. કરણે જૂની ફિલ્મને નવું સ્વરૂપ આપીને જવાબદારીથી બનાવવાનું કામ કર્યું છે અને નિર્દેશક કરણ મલ્હોત્રાએ તેને પુરતો સાથ આપ્યો છે. કલાકારો પાસે કોઈ નિર્દેશક આટલું સારું કામ કરાવી શક્યા હોય એવા ઓછા દાખલા બોલીવુડમાં જોવા મળશે. સૌથી મુશ્કેલ કામ રિતિક રોશનનું હતું. તેણે અમિતાભના યાદગાર બની ગયેલા પાત્ર 'વિજય દિનાનાથ ચૌહાણ'ને જીવંત કરવાનું હતું અને એમાં તે સો ટકા ખરો ઉતર્યો છે. તેણે પોતાની આ પાત્ર માટેની પસંદગી સાચી ઠેરવી છે. અમિતાભનું પાત્ર સતત ક્રોધમાં હતું. જ્યારે રિતિકને સંવેદનશીલ બનીને કામ કરવાનું હતું. એમાં તેણે કોઈ કસર બાકી રાખી નથી. તેનો અત્યાર સુધીની કારકિર્દીનો આ શ્રેષ્ઠ અભિનય ગણાયો છે. તેણે પાત્રની સંવેદના વ્યક્ત કરવા માટે આંખો અને હાવભાવનો શ્રેષ્ઠ ઉપયોગ કર્યો છે અને ડુપ્લીકેટની મદદ વગર ગજબના એકશન દ્રશ્યો કર્યા છે. જે સલમાનના ચાહકોને પણ ગમી જશે. 'વિજય'ની બાળપણની ભૂમિકા ભજવનાર બાળકલાકાર આરિશ ભીવંડીવાલા પણ ઘણી પ્રશંસા મેળવી ગયો છે.

અભિનયમાં સૌથી વધુ મેદાન મારી જનાર તો સંજય દત્ત જ છે. તેણે કાંચા ચીનાના પાત્રે ખરેખર જીવી બતાવ્યું છે. આમ તો સંજયે તેની કારકિર્દીમાં ઘણા યાદગાર રોલ કર્યા છે. પરંતુ આ રોલ તેનો સૌથી યાદગાર બની રહેશે. શોલેના ગબ્બરસિંહની જેમ આ પાત્ર યાદગાર બની જશે. વિવેચકો માને છે કે આવી અભિનયની ઊંચાઈ હવે ભવિષ્યમાં તે કદાચ જ સર કરી શકશે. સંજયની સંવાદ અદાયગીનો તો જવાબ નથી. ડેનીએ જેવો ન્યાય આપ્યો હતો એવો જ સંજય દત્તે આપ્યો છે. આ રોલ માટે તેણે માથું બે વખત મુંડાવ્યું હતું. કેમકે ફિલ્મ પૂરી થઈ ગયા પછી 'ચિકની ચમેલી' ગીતમાં કામ કરવું પડ્યું હતું. બીજી વખત માથાના વાળ કઢાવવાને બદલે વીગ પહેરવાનું તેને સૂચન થયું હતું. છતાં તેણે કાંચા ચીનાનો જીવંત અભિનય કરવા માથું મુંડાવવાનું વધુ પસંદ કર્યું હતું. આ કારણે તેની 'સત્તે પે સત્તા'નું શુટિંગ પાછું ઠેલાઈ ગયું છે.

**ફિલ્મનો પ્રચાર એટલો જબરદસ્ત હતો કે દર્શકોની આતુરતા વધી ગઇ હતી. દર્શકોને આ ફિલ્મ નિરાશ કરતી નથી એ હકીકત છે. લગભગ ૩ કલાક લાંબી આ ફિલ્મમાં એવું ઘણું છે જે દર્શકોના પૈસા વસૂલ કરે છે.**

સંજયની જેમ રિશી કપૂરે પણ યાદગાર અભિનય આપ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે રિશી પોતાની ભૂમિકા બાબતે કરણથી નારાજ હતો. એડીટીંગમાં તેની ભૂમિકા પર થોડી કાતર ચલાવવામાં આવી હતી. હવે રિશીના નારાજગી દૂર થઈ ગઈ છે અને રિશીએ સ્વીકાર્યું છે કે તેને પહેલી વખત આટલો સારો પ્રતિભાવ કોઈ ફિલ્મ માટે મળ્યો છે. નિર્દેશક કરણે રઉફલાલાના પાત્રને નવેસરથી લખાવ્યું હતું. રિશીએ તેમાં જીવ રેડીને બતાવી દીધું કે આ ઉંમરે પણ તે

**ઓટોગ્રાફ**

**કરિના કપૂર કહે છે કે તેણે 'એક મૈં ઔર એક તૂં'ની સ્ક્રિપ્ટ બે વખત વાંચી હતી. (એક વખત વાંચવાથી સમજમાં નહિ આવી હોય?!!)**

**(સાંધણ પાના ૬ ઉપર)**